**મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.ર, અમદાવાદ.**

ફોજદારી કેસ નંબરઃ—૧૫૪/૧૬
આંકઃ—

૧. ગુનો બન્યાની તારીખ :—
ર. ફરીયાદીનું નામ :—ધી સ્ટેટ ઓફ ગુજરાત.
૩. આરોપીનું નામ અને સરનામું :—
૪. ગુનાની વિગત :—
પ્રશ્નઃ— તમારી સામેનો ગુનો વાંચી સંભળાવતા તે મુજબનો ગુનો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?
જવાબઃ— હાજી, મને ગુનો કબુલ છે.

———————————————— મારી રૂબરૂ

તારીખ :— ૨૨/૪/૧૮

એડી. ચીફ મેટ્રો. મેજી.,કોર્ટ નં.ર,

---

(૧) આ કામના પોલીસ ધ્વારા આરોપી વિરુધ્ધ........................................................ મુજબના ગુનાનું ચાર્જસીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતા તેમને પોલીસ તપાસના ચાર્જસીટની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી તર્ફે સ્પે.સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓએ સ્પે.સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક........... થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જસીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમા પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(ર) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ ગુના બદલ પસ્તાવો કરે છે અને કુટુંબકબીલા વાળા છે અને તેમના કુટુંબના ભરણપોષાણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવે છે, તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે.એપીપીશ્રી એ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત, સંજોગો તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે જઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

<u>હુકમ</u>

ક્રિ.પ્રો.કોડની કલમ—૨૫૨મુજબ આરોપીને પ્રોહી.૬૬(૧)બી,૮૫(૧)(૩) મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી સંયુકત રીતે રુા.૧૦૦/— (અંકે રુપિયા સો પુરા) પુરા દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન—૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો./મુદ્દામાલ સરકાર ખાતે ખાલસા કરવો./મુદ્દામાલ બાબતે અગાઉ કરવામાં આવેલ હુકમ કાયમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૨૨/૪/૨૦૧૮
અમદાવાદ

**(આરતી અદ્વૈત વ્યાસ)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.ર, અમદાવાદ
જી.જે.૦૦૬૮૬